॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૮૩, એપ્રિલ–૨૦૨૬, રૂા. ૫.૦૦/–



ભુજ મંદિરનું નવનિયુક્ત ટ્રસ્ટી મંડળ



નિવૃત ટ્રસ્ટી મંડળ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातु: पितुर्गुरो: ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૬ અંક-૨ એપ્રિલ-૨૦૨૬
વર્ષ : ૪૦-૪૧ સળંગ અંક-૪૮૩

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીન: ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૩ |
| લેખ | ૪ |
| સત્સંગ સમાચાર-દેશ | ૫ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૧ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે.
  કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

શિક્ષાપત્રીમાં શ્રીહરિએ માનવ જીવનની મુશ્કેલીના વખતમાં જીવનમાં અટકાયતોને જંતર-મંતર આવે તો ટપી જવા માટે ભૂતપ્રેતાદિક વળગારના સમયે જનમંગલ તથા હનુમાન ચાલીસાના પાઠ કરી શ્રીહરિની સહાય લેવા કહ્યું છે.

અત્રે હનુમાન ચાલીસાની થોડીક મહત્ત્વની ચોપાઈઓની વાત કરવી છે. "યુગ સહસ્ત્ર યોજન પર ભાનુ, લીલ્યો તાહી મધુર ફલ જાનુ." માતા અંજનીની કૂખે જન્મતાંજ શ્રીહનુમાનજીએ દેદિપ્યમાન ને ધગધગતા સૂર્યને મધુર ફળ સમજી કૂદકો મારી મોઢામાં પૂરી રાખ્યો.! ત્યારબાદ તો ઘણી ઘટનાઓ બની. પરંતુ નીચે જણાવેલ પૃથ્વી-સૂર્ય વચ્ચેના અંતરનો આ કોષ્ટક ધ્યાનથી સમજવા જેવો છે.

★ ૧ યુગ એટલે ૧૨૦૦૦ વર્ષ.

★ ૧ સહસ્ત્ર એટલે ૧૦૦૦

★ ૧ યોજન એટલે ૮ માઈલ

★ યુગ*સહસ્ત્ર*યોજન બરોબર તેટલો દૂર સૂર્ય છે.

★ ૧૨૦૦૦*૧૦૦૦*૮ માઈલ બરોબર ૯૬,૦૦૦,૦૦૦ માઈલ દૂર થાય

★ ૧ માઈલ બરોબર ૧.૬ કિલોમીટર

★ ૯૬,૦૦૦,૦૦૦ માઈલ બરોબર ૯૬,૦૦૦,૦૦૦*૧.૬ કિલોમીટર બરોબર ૧૫૩૬૦૦૦૦૦૦ પૃથ્વીથી સૂર્ય દૂર છે

આ અંતર હનુમાન ચાલીસામાં અત્રે રજૂ થયા છે તેવા આંકડાઓમાં નથી લખ્યા પરંતુ તે જમાનાના ગાણિતીક શબ્દોમાં લખાયા છે ને આબાલ-વૃદ્ધો બધાયે શ્રદ્ધાપૂર્વક પઠન કર્યા કરે છે. કેમકે બધાયને ભારતીય આધ્યાત્મિક શાસ્ત્રો પર વિશ્વાસ છે ને...!

ધ્યાનથી વાંચો અમેરિકાની નાસા-NASA સંસ્થાના ઉત્તમોત્તમ વૈજ્ઞાનિકે વર્ષોના રીસર્ચ બાદ આ શ્રદ્ધા-વિશ્વાસ ભારતના ને અત્યાધુનિક વિજ્ઞાન રીસર્ચ અમેરિકાના ને આધ્યત્મ-વિજ્ઞાન ને ભાઈ ભાઈ સાબિત કર્યા છે.

"દિલ દિમાગ સે સોચકે હનુમાન ચાલીસા સચ્ચે ભાવ સે બોલના"

# શિક્ષાપત્રી શ્લોક - ૧૦૧-૧૦૨

હિંમતભાઈ ઠક્કર 'રઘુવંશી' - ભુજ



**એતેષુ યાનિ વાક્યાનિ શ્રીકૃષ્ણસ્ય વૃષસ્ય ચ ।**
**અત્યુત્કર્ષપરાણિ સ્યુસ્તથા ભક્તિવિરાગયોઃ ॥**
**મન્તવ્યાનિ પ્રધાનાનિ તાન્યેવેતરવાક્યતઃ ।**
**ધર્મેણ સહિતા કૃષ્ણભક્તિઃ કાર્યેતિ તદ્રહઃ ॥**

"મારા આશ્રિતો હોય તેમણે, આ આઠ સચ્છાસ્ત્રોમાં જે વચનો ભગવાનના સ્વરૂપનું અતિ ઉત્કર્ષપણું કહેતાં હોય, તથા ધર્મ, ભક્તિ અને વૈરાગ્યનું અતિ ઉત્કર્ષપણું કહેતા હોય તે વચનોને બીજાં વચનો કરતાં પ્રમાણપણે માનવાં. અને ભગવાનની ભક્તિ તો ધર્મ સહિત જ કરવી. આવું સર્વે સચ્છાસ્ત્રોનું રહસ્ય છે."

★ સચ્છાસ્ત્રોનું રહસ્ય શું છે ? આ પ્રશ્નનો સચોટ જવાબ અર્થઘટનમાં આવી જ જાય છે.

★ વચનો કેટલા પ્રકારના ને કયા કયા છે ? સચ્છાસ્ત્રોમાં બે પ્રકારના વચનો છે.

★ વચન વસ્તુનું પ્રતિપાદન કરતું હોય.

★ વચન વસ્તુનો અપકર્ષ પ્રતિપાદન કરતું હોય. તેમાં જે વચન વસ્તુનો ઉત્કર્ષ પ્રતિપાદન કરતું હોય, એ વચનને જ પ્રમાણરૂપ માનવું.

★ પ્રમાણો કેટલા પ્રકારના ને કોણે કહ્યા છે ? ★ પ્રત્યક્ષ પ્રમાણ, ★ અનુમાન પ્રમાણ, ★ શબ્દ પ્રમાણ.

શબ્દ પ્રમાણથી પ્રમેય વસ્તુની સિદ્ધિ થઈ શકે છે. કોઈપણ વસ્તુનો નિર્ણય કરવો હોય, અર્થાત્ કોઈપણ તત્ત્વનો નિર્ણય કરવો હોય, તો એ પ્રમાણોને આધારે જ થઈ શકે છે.

**"નામ નહિ તો હૈ પંચભૂત કા બાવલા.! ઐ પંચભૂત, મેરી બાત સુનને ઇધર આના.! લાખોં-કરોડોં દૌડ કે પ્યાર સે ચલે આએંગે.! ગીનતે જાના, ઇસ જનમ મેં ગીન ન પાઓગે.!"**

શતાનંદ સ્વામી સ્પષ્ટતા કરે છે કે, પ્રત્યક્ષ પ્રમાણ એટલે જ્ઞાનેન્દ્રિયો અને મન. ઈન્દ્રિયો દ્વારા વસ્તુનો યથાર્થ નિર્ણય કરી શકીએ છીએ.

"જીહ્વા ઠંડા-ગરમ પહેચાને.! વાહ! મૃદ ઔર કઠીન ભી જાને.! નેત્ર રૂપવાન-કુરૂપવાન જાને.! ઘ્રાણેન્દ્રિય સુગંધ-દુર્ગંધ પહચાને.! કર્ણેન્દ્રિય શબ્દ કા ભાવ પકડ લે.! 'મન' પંચભૂતકા બેતાજ બાદશાહ હૈ.! સભી ઈન્દ્રિયોં કે રહસ્ય જાન.!"

શતાનંદ સ્વામી વધુ સમજાવતાં કહે છે કે, કેટલીક વસ્તુનો નિર્ણય ઈન્દ્રિયોના પ્રત્યક્ષ સંબંધ વિના કરવામાં આવે છે, તેને અનુમાન પ્રમાણ કહેવામાં આવે છે. એક વસ્તુ જે આપણને પ્રત્યક્ષ થઈ હોય, તેના આધારે બીજી વસ્તુનો જે નિર્ણય કરવામાં આવે છે, તેને અનુમાન પ્રમાણ કહેવામાં આવે છે. જેમ કે, ધુમાડો દેખાય ત્યાં અગ્નિ હોવો જોઈએ.

આ ઈન્દ્રિયોરૂપી પ્રત્યક્ષ પ્રમાણ અને અનુમાન પ્રમાણથી તો પ્રકૃતિથી ઉત્તપન્ન થયેલાં જે પ્રાકૃતિક પદાર્થો હોય, તેમનો જ નિર્ણય થઈ શકે છે. પરંતુ અપ્રાકૃત જે દિવ્ય પદાર્થો હોય કે જે કયારેય પણ ઈન્દ્રિયોના અનુભવમાં આવ્યાં જ ન હોય, આવાં દિવ્ય પદાર્થોનો નિર્ણય પ્રત્યક્ષ પ્રમાણથી કે અનુમાન પ્રમાણથી થઈ શકતો નથી. તેથી આત્મ તત્ત્વનો નિર્ણય, પરમ તત્ત્વ પરમાત્માનો નિર્ણય ,નિત્ય વિભૂતિનો નિર્ણય તથા પરમ તત્ત્વ પરમાત્માને પામવાનાં જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આદિક સાધનોનો નિર્ણય શાસ્ત્ર વચનોના

આધારે જ થઈ શકે છે. એટલે શબ્દ પ્રમાણથી જ થઈ શકે છે. સચ્છાસ્ત્રો એજ શબ્દ પ્રમાણ છે.

શતાનંદ સ્વામી આવી અનેક ઉત્તમોત્તમ જ્ઞાનસભર વાતોને વાર્તાઓ શ્રીકૃષ્ણ લીલા સમજી લેવા મંદિરમાં આવન-જાવન કરતા ભકતો, સત્સંગીઓને ભાગવતનું પઠન, મનન ને શ્રવણ સતત કરતા રહેવા આગ્રહ રાખે છે.

અને વળી વેદાદિક આઠ સચ્છાસ્ત્રો સ્વધર્મ સહિત ભગવાનની ભક્તિનું પ્રતિપાદન કરનારાં છે. માટે ભગવાનની ભક્તિ ધર્મ સહિત જ કરવી. ધર્મનો ત્યાગ કરીને ભગવાનની ભક્તિ સર્વ પ્રકારે કરવી નહિં. કારણ કે ધર્મ છે એ ભક્તિનું પોષણ કરનારો છે. પોષણ જો ન હોય તો ભક્તિ વૃદ્ધિ પામીને ફળ આપનારી થતી નથી, માટે ધર્મ સહિત જ ભગવાનની ભક્તિ કરવી એજ સર્વ સચ્છાસ્ત્રોનું રહસ્ય છે.

“બાળુડા રામને શરદ પૂનમનો ચંદ્ર છે નાનકડા હાથમાં રમાડવો! કૌશલ્યાનો આનંદ મનથી હરાયો, વશિષ્ઠજીએ ‘આયનો’ હાથે પકડાવ્યો! બાળુડા રામે રાજી થઈ રમાડ્યો.!”

શિક્ષાપત્રી વાંચતા બુદ્ધિમાન શ્રીહરિના ભક્તો પૂરો વિચાર કરીને જવાબ આપજો.

★ આ ઘટના પ્રત્યક્ષ પ્રમાણની કહેવાય ? ★ અનુમાન પ્રમાણની કહેવાય ? કે, ★ માત્ર ‘પ્રભુ’ની લીલા પ્રમાણની કહેવાય ? આ ઘટના શબ્દ પ્રમાણની કહેવાય ?

# સત્સંગ સમાચાર દેશ

## શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજમાં સર્વપિત્રૃઓના મોક્ષાર્થે ૪૦૧ સમૂહ શ્રીમદ્ ભાગવત કથા તથા નારાયણયાગ મહોત્સવ યોજાયો.

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ ખાતે મહંત સદ્ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવત્જીવનદાસજી તથા સદ્ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગતની આજ્ઞા અને આશીર્વાદથી ૪૦૧ પોથીના યજમાનો માટે સમૂહ શ્રીમદ્ ભાગવત કથા તથા નારાયણયાગ સાથે ભવ્ય અને ભક્તિમય મહોત્સવ ઉજવાયો હતો.

પવિત્ર પારાયણનો પ્રારંભ ચૈત્ર સુદ ૧, તા. ૧૮-૦૩-૨૦૨૬, ગુરુવારના રોજ પોથીયાત્રા તથા ધ્વજારોહણ સાથે કરવામાં આવ્યો હતો.











સમાપન ચૈત્ર સુદ-૭, તા. ૨૪-૦૩-૨૦૨૬, બુધવારના રોજ મહાઆરતી અને પૂર્ણાહુતિ સાથે ભવ્ય રીતે સંપન્ન થયો હતો. મહોત્સવમાં આવનાર ભુજ પ્રસાદી મંદિર, અંજાર, રાપર અને માંડવી તેમજ શૈક્ષણિક સંસ્થાઓ થી પધારેલા સંતોએ દર્શન તથા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ મહોત્સવના મુખ્ય યજમાન ગામ માનકુવાનાં અ.નિ. સાં.યો. રામબાઈ લાલજી હિરાણીની પુણ્ય સ્મૃતિમાં સં.યો. નાનાભાઈ રામજી ભુડિયા, સાં.યો. રામબાઈ નારણ કેરાઈ, સાં.યો. કેશરબાઈ નારણ કેરાઈ, સાં.યો. મંજુલબાઈ દેવજી હિરાણી તથા સાં.યો. શાંતિબાઈ મેઘજી ભુડિયા, સાં.યો. શકુબાઈ મનજી શીયાણી, સાં.યો. લક્ષ્મીબેન મેઘજી ભુડિયા, સાં.યો. મિનલબેન હરીશ હાલાઈ, સાં.યો. પૂરબાઈ ખીમજી હિરાણી હસ્તે ધનજીભાઈ રામજી ભુડિયા સપરિવાર રહ્યા હતા.

કથાના મુખ્ય વક્તા તરીકે પૂજ્ય સંતો પુરાણી સ્વામી નારાયણપ્રિયદાસજી, શાસ્ત્રી સ્વામી આનંદવલ્લભદાસજી, શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી તથા પુરાણી સ્વામી ભક્તવત્સલદાસજી રહી શ્રીમદ્ ભાગવતના પવિત્ર













પ્રસંગોનું ભાવભર્યું વર્ણન કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. સભા સંચાલન સ્વામી હરિકૃષ્ણદાસજી તથા સ્વામી કૃષ્ણવિહારીદાસજી કર્યું હતું. જ્યારે સંગીતમાં સેવા સ્વામી વાસુદેવપ્રિયદાસજી તથા સ્વામી નીલકંઠમુનિદાસજી રહ્યા હતા. આ મહોત્સવ દરમિયાન દરરોજ વિવિધ ધાર્મિક ઉત્સવોનું આયોજન કરવામાં આવ્યું

ચૈત્ર સુદ-૨ શ્રી રામ જન્મોત્સવ, ચૈત્ર સુદ-૩ શ્રી કૃષ્ણ જન્મોત્સવ, ચૈત્ર સુદ-૫ શ્રી ગોવર્ધન ઉત્સવ, ચૈત્ર સુદ-૬ શ્રી રુક્મિણી વિવાહ સહિત વિવિધ ઉત્સવો ધામધૂમથી ઉજવાયા હતા અને આ મહોત્સવમાં પ. પૂ. મોટા મહારાજશ્રી પણ પધારી દરેકને દર્શન અને આશીર્વાદ પાઠવ્યા હતા. મહોત્સવની પૂર્ણાહુતિ ના દિવસે મહાઆરતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

ભાગવત સપ્તાહ બાદ નારાયણયાગમાં દરેક યજમાનો ભાગ લીધો હતો. સાં. યો. બહેનો દ્વારા મૌન ગ્રંથ વાંચન કરી સમગ્ર અક્ષરનિવાસી આત્માઓને શાંતિ મળે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.































મહોત્સવમાં પધારતા દરેક ભક્તજનો માટે ત્રણે ટાઈમ ભોજનાલયમાં પ્રસાદીની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. ગામોના તેમજ ભુજના તમામ ભક્તોના સહયોગથી સમગ્ર આયોજન સુવ્યવસ્થિત રીતે સંપન્ન થયું હતું.

આ મહોત્સવ દ્વારા મુમુક્ષુઓના હૃદયમાં ભક્તિ, સંસ્કાર અને સનાતન ધર્મના મૂલ્યોનો પ્રચાર થઈને સમાજમાં આધ્યાત્મિક જાગૃતિ ફેલાઈ હતી. આ કાર્યક્રમ ભક્તોના હૃદયમાં દીર્ઘકાલ સુધી પ્રેરણા આપનાર બની રહેશે.

# ભુજ મંદિરના પૂજ્ય મહંત સદ્ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી દ્વારા ભુજ મંદિર તથા સમગ્ર કચ્છ સત્સંગની સેવા માટે આગામી ૫ વરસ માટે સર્વસંતો અને કચ્છના હરિભક્તોની ઉપસ્થિતિમાં નવા ટ્રસ્ટી મંડળની નિમણૂક

સંવત ૨૦૮૨ ચૈત્ર સુદ છઠ તા. ૨૪-૦૩-૨૦૨૬ ના રોજ ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ તથા કચ્છ સત્સંગના ઉત્કર્ષ માટે ભુજ મંદિરની ૨૦૦ વરસની પરંપરા મુજબ આગામી ૫ વરસ માટે નવા ટ્રસ્ટી સંતો અને હરિભક્તોની નિયુક્તિ કરવામાં આવી છે. આ અવસરે મહંત સ્વામીએ વિશાળ સભાને સંબોધતાં જણાવ્યું હતું કે આપનો વિશાળ અનુભવ ભુજ મંદિર તેમજ કચ્છ સત્સંગના સર્વાંગી વિકાસને નવી અને યોગ્ય દિશા આપશે એવા વિશ્વાસ સાથે પૂજ્ય મહંત સ્વામીએ દરેકને આવકાર્યા હતા.

વ્હાલા ભક્તજનો ? આજે આપ માત્ર એક ટ્રસ્ટી પદ સ્વીકારી રહ્યા નથી, પરંતુ સેવા, સમર્પણ અને સંસ્કારની દિવ્ય પરંપરાના ધારક બની રહ્યા છો. આ સાથે આપ ગૌરવપૂર્ણ જવાબદારી પણ સ્વીકારી રહ્યા છો. સત્સંગમાં દાસાનુંદાસ બનીને સેવા કરવી એ આપણી નૈતિક ફરજ છે.

હું શ્રી નરનારાયણ ભગવાનનો છું, મારા

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે અને ભુજના સંતો મારું સર્વસ્વ છે આ ભાવ હૃદયમાં ધારણ કરીને સર્વે સંતો અને હરિભક્તો પ્રત્યે સદૈવ સદ્‌ભાવ જળવાઈ રહે તેવી શુભકામના. આપની આ સેવા સંસ્થા તેમજ કચ્છ સત્સંગના ગૌરવમાં વૃદ્ધિ અને સત્સંગના વિકાસમાં સદાય પ્રેરણારૂપ બનશે એવા રૂડા આશીર્વાદ.

**નવા નિમાયેલા ટ્રસ્ટીઓ સંતો તથા હરિભક્તો**

- શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના મહંત અને અધ્યક્ષ સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી ભુજ
- સ.ગુ. ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવનદાસજી ભુજ
- સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત ભુજ

**ટ્રસ્ટી સંતો**

- સ.ગુ. પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી
- સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી
- શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી
- શાસ્ત્રી સ્વામી સુખદેવસ્વરૂપદાસજી
- પુરાણી સ્વામી નીલકંઠચરણદાસજી
- શાસ્ત્રી સ્વામી નારાયણમુનીદાસજી
- શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી
- સ.ગુ. શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી

**ટ્રસ્ટી હરિભક્તો**

- મુખ્ય કોઠારી: પ.ભ. શ્રી રામજીભાઈ દેવજી વેકરીયા નારાણપર
- ઉપકોઠારી: પ.ભ. શ્રી જાદવજીભાઈ વિશ્રામ ગોરસિયા બળદિયા

**ટ્રસ્ટીઓ**

- પ.ભ. શ્રી કાનજીભાઈ દેવજી મેપાણી મદનપુર (સુખપર)
- પ.ભ. શ્રી રામજીભાઈ ગોપાલ દબાસીયા ભક્તિનગર (માનકુવા)
- પ.ભ. શ્રી શામજીભાઈ ધનજી હિરાણી નાગલપર (અંજાર)
- પ.ભ. શ્રી અનિલભાઈ હીરાલાલ ગોર ભુજ
- પ.ભ. શ્રી હરજીભાઈ ગાંગજી વેકરીયા માંડવી
- પ.ભ. શ્રી દેવશીભાઈ કરસન હિરાણી ભુજ
- પ.ભ. શ્રી દિલીપભાઈ નારણભાઈ સાંખલા પટેલ નડિયાદ (નેત્રા)
- પ.ભ. શ્રી દેવજીભાઈ બાબુભાઈ માલાભાઈ વાવીયા મુંબઈ (રાપર)
- પ.ભ. શ્રી મનસુખભાઈ વિશ્રામ દબાસીયા મીરઝાપર
- પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ હરિલાલ ઠક્કર ભુજ
- પ. ભ. શ્રી આશિષભાઈ આશિષ અંબાપ્રસાદ ત્રવાડી ભુજ
- પ.ભ. શ્રી કલ્યાણભાઈ રવજી રાબડિયા સરલી
- પ.ભ. શ્રી દેવજીભાઈ શામજી છાંગા હીરાપર

**સલાહકાર સભ્યો**

- સ.ગુ. સ્વામી જગજીવનદાસજી ભુજ
- પાર્ષદ ખીમજી ભગત ભુજ
- પાર્ષદ દિનેશ ભગત ભુજ

**વિદાય લેતા ટ્રસ્ટીશ્રીઓ**

વીતેલા પાંચ વર્ષોમાં ટ્રસ્ટીશ્રીઓએ મંદિરમાં નિઃસ્વાર્થભાવથી અને અવિરત સેવા આપી છે, જેનું વર્ણન શબ્દોમાં શક્ય નથી. ચંદન જેમ જાતે ઘસાઈને અન્યને સુગંધ આપે છે, તેમ આપ સૌએ પોતાનો કિંમતી સમય અર્પણ કરીને સંસ્થાને ઉન્નતિના શિખરો સુધી પહોંચાડવામાં અમૂલ્ય યોગદાન આપ્યું છે.

વિકાસના કુશળ શિલ્પી બની, બુદ્ધિ, કૌશલ્ય અને અખંડ પરિશ્રમથી મંદિરના કાર્યોને નવી ઊંચાઈ આપી છે. તન, મન અને ધનથી કરેલી સેવા સર્વે માટે પ્રેરણારૂપ છે. હોદ્દાના મોહથી પર રહીને આપ સૌએ વટવૃક્ષ સમાન સૌને સ્નેહનો છાંયડો આપ્યો છે.

આપનો સહયોગ અને માર્ગદર્શન હંમેશા સ્મરણમાં રહેશે. આપનો સેવાભાવ કદી વિદાય લેતો નથી એ સંસ્થાના ઈતિહાસમાં સદાય અંકિત



રહેશે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ આપને અને આપના પરિવારને ઉત્તમ આરોગ્ય, દીર્ઘાયુષ્ય અને અખંડ ભક્તિ પ્રદાન કરે એવી પ્રાર્થના.

**વિદાય લેતા ટ્રસ્ટી સંતો તથા હરિભક્તો**

- સદ્ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી - ટ્રસ્ટીશ્રી
- સદ્ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી - ટ્રસ્ટીશ્રી
- સદ્ગુરુ સ્વામી જગજીવનદાસજી - ટ્રસ્ટીશ્રી
- સ્વામી ગોલોકવિહારીદાસજી - સલાહકારશ્રી
- પાર્ષદ ખીમજી ભગત - સલાહકારશ્રી
- મુખ્ય કોઠારી પ.ભ. શ્રી મુરજીભાઈ કરસન શિયાણી - ભુજ

**ટ્રસ્ટીશ્રીઓ**

- પ.ભ. શ્રી રાજેન્દ્રભાઈ નટવરલાલ દવે- ભુજ
- પ.ભ. શ્રી શશિકાન્તભાઈ ગૌરીશંકર ઠક્કર- ભુજ
- પ.ભ. શ્રી ભચુભાઈ રવજીભાઈ રાવરીયા- રાપર મુંબઈ
- પ.ભ. શ્રી કુંવરજીભાઈ કરસન પોકાર- ગડાણી, નડિયાદ
- પ.ભ. શ્રી લાલજીભાઈ નાથા વરસાણી - સામત્રા
- પ.ભ. શ્રી નારણભાઈ રતા કેરાઈ - નારણપર
- પ.ભ. શ્રી અરજણભાઈ મનજી વેકરીયા રામપર - વેકરા

ભુજ મંદિર શ્રી નરનારાયણદેવ તાબાનાં - કચ્છ વિસ્તારમાં આવેલ દરેક શૈક્ષણિક સંસ્થાઓ ગુરુકુળોનું એકીકરણ પૂજ્ય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા ભુજ મંદિરના આઠેય મંડળધારી અને વડીલ સંતોની આજ્ઞા અને અનુવૃત્તિમાં રહીને ગુરુકુલોની શૈક્ષણિક પ્રવૃત્તિઓ સંતો અને હરિભક્તો દ્વારા સફળતાપૂર્વક સંચાલિત થાય છે. હજારો બાળકો બાલિકાઓ સંસ્કારોની સાથે શિક્ષણ મેળવે છે.

પ્રારંભથી તમામ ગુરુકુલો શ્રી નરનારાયણદેવના તાબામાં રહ્યા છે અને સંતો- હરિભક્તોના સહયોગથી સંચાલિત થઈ રહ્યાં છે. પૂજ્ય મહંત સ્વામીએ સંકલ્પ કર્યો કે દરેક ગુરુકુલમાં ભુજ મંદિરનુંજ ટ્રસ્ટીબોર્ડ હોય એ યોગ્ય રહેશે, આ બાબતે દરેક મંડળના મંડળધારી સંતો અને ગુરુકુલ સંચાલક સંતો સાથે વિસ્તૃત ચર્ચા બાદ મોટા સંતોના વચનમાં રહીને વર્તમાન સંચાલક સંતોએ આ નિર્ણયને સ્વીકાર્યો છે અને સર્વાનુમતે કચ્છના દરેક ગુરુકુળોનું ટ્રસ્ટી મંડળ અલગ નહીં હોય પૂર્વવત્ સંચાલન માટે સંચાલક સમિતિ રહેશે પણ ટ્રસ્ટી મંડળ ભુજ મંદિરનું ટ્રસ્ટીબોર્ડ જ ગુરુકુલોના ટ્રસ્ટીબોર્ડ તરીકે કાર્ય કરશે.

પૂજ્ય મહંત સ્વામીના આ દુરંદેશી સંકલ્પને સૌએ હર્ષપૂર્વક સ્વીકાર્યો. સંતોએ મહંત સ્વામીની આજ્ઞાને શિરે ચડાવી છે અને સ્વામીએ આશીર્વાદરૂપે સૌ સંતોને પુષ્પમાળા અર્પણ કરી રાજીપો વ્યક્ત કર્યો છે અને હરિભક્તો ની સર્વસામાન્ય સભામાં ઉપસ્થિત હરિભક્તોએ પણ આ અલૌકિક સંકલ્પને હર્ષોલ્લાસથી વધાવ્યો છે.

અહેવાલ- કોઠારી સ્વામી ગોલોકવિહારીદાસજી

## શ્રીસ્વામિનારાયણ મંદિર ઉમૈયા(વાગડ)નો ૧૫ મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

વાગડમાં રાપર તાલુકાના ઉમૈયા ગામે શ્રીસ્વામિનારાયણ મંદિરના ૧૫ પાટોત્સવ ઉજવાઈ ગયો. આ ગામમાં શ્રીસ્વામિનારાયણ ભગવાનનું મંદિર થયું એને આજે ૧૫ વર્ષ પૂરા થઈ રહ્યા ત્યારે ગામના સમસ્ત લોકો સાથે મળીને ૧૫ વર્ષ નિમિત્તે ઉત્સવ ઉજવણીની સાથે મંદિર પરિસરમાં સંતનિવાસનું નૂતનીકરણ તથા ભોજનાલય વિગેરેની જરૂરી અને ઉપયોગી સુવિધાઓ કરવામાં આવી છે.

આ નૂતનીકરણ કાર્યમાં ગામ લોકોએ ખૂબ ઉદાર હાથે ફાળો આપ્યો છે અને સાથે અનેક લોકોએ તન-મનથી સેવા કરીને, સાધનો દ્વારા પણ સેવાકાર્યમાં યોગદાન આપ્યું છે.

આ ઉત્સવની આમંત્રણ પત્રિકા આપવા ઊમૈયા ગામના ૫૦ જેટલા ભક્તો માઘ પૂર્ણિમા, રવિવાર તા.૧ ના દિવસે ઊમૈયાથી પગપાળા ધૂન




કરતા રાપર પધાર્યા હતા. રાપર મંદિરેથી સંતો-હરિભક્તો સામૈયે ગયા, સૌ રાપર મંદિરે પધાર્યા અને શ્રીઠાકોરજીને અને મંદિરના મહંત સ્વામી આદિ સંતોને આમંત્રણ પત્રિકા આપી હતી.

સૌનો ઉત્સાહ અને આનંદ વચ્ચે તા.૬ ના રોજ કથા પ્રારંભના મંગલ દિવસે ગામના મધ્યમાં શ્રીરામચંદ્ર ભગવાનના મંદિરે ભૂદેવો, સંતો અને યજમાનશ્રીઓ દ્વારા પોથીઓનું પૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ યજમાનશ્રીઓ પોથીઓને મસ્તકે ધારણ કરી સૌ વાજતે ગાજતે પોથીયાત્રામાં જોડાયા. ગામની મુખ્ય બજારોમાંથી થઈને પોથીયાત્રા મંદિર પટાંગણમાં આવી યજમાનશ્રીઓ દ્વારા પોથીઓને વ્યાસપીઠ ઉપર પધરાવવામાં આવી. ત્યારબાદ ઉત્સવના મુખ્ય યજમાન પરિવાર અને મહંત સ્વામીના હસ્તે પોથીપૂજન અને વ્યાસપૂજન કરી વૈરાગ્યમુર્તિ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી વિરચિત શ્રીહરિસ્મૃતિ ગ્રંથ, વકતા શા.સ્વામી તીર્થમુનિદાસજી વ્યાસપીઠ ઉપર બિરાજીને પંચાહ્ન પારાયણનો મંગળ પ્રારંભ કરાવ્યો હતો. બીજા વક્તા ડો.સ્વામી અક્ષરમુનિદાસજી રહ્યા હતા. કથા પ્રારંભે આજથી ૧૫ વર્ષ પૂર્વે ઊમૈયા મંદિરનું નિર્માણ કરાવનાર, રાપર મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ સૌને ભગવાનની સ્મૃતિ રહે એવા અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ ઉત્સવ નિમિત્તે બહેનો ભક્તો સાથે મળીને સમગ્ર મંદિરને હરિસ્મૃતિ ભવન તરીકે શણગારેલું હતું. મંદિરની દિવાલોમાં સર્વત્ર હરિત ચોખંડા સ્થાપિત કરીને તેમાં હરિસ્મૃતિની હાથેથી કલમ વડે લખેલી પંક્તિઓ સ્થાપિત કરવામાં આવી હતી.

ગામના ભક્તોના ઉત્સાહથી ઉજવાતા આ ઉત્સવમાં દરરોજ રાપર મંદિરેથી વડીલ સદગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી વિગેરે સંતો પધારી દર્શન આશીર્વાદનો લાભ આપતા હતા. આ ઉત્સવમાં કથા શ્રવણ માટે પધારતાં મોઘેરાં મહેમાનોનું સ્વાગત કરવામાં આવતું હતું. કથા શ્રવણ બાદ પધારેલ સૌ ભક્તજનો સાથે મળી મંદિરના ભોજનાલયમાં ભોજન પ્રસાદ લેતા હતા. રાત્રે ૭-૩૦ વાગ્યે ફરી બીજા સત્રની કથા શરૂ થતી, કથા રસિકો અદ્‌ભુત લાભ લેતા હતા. કથાના બીજા દિવસે શ્રીઘનશ્યામ પ્રાગટ્ય ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. ત્રીજા દિવસે પુષ્પ દોલોત્સવ ઉજવાયો હતો. તથા સાં.યો.બહેનોની આગેવાનીમાં બહેનોની સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચોથા દિવસે રાજાધિરાજ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ઉત્સવમાં પુ.સ્વામી વિવેકમુનિદાસજી, પુ.સ્વામી નૌતમમુનિદાસજી અને શા.સ્વામી ઈશ્વરપ્રિયદાસજીના માર્ગદર્શન મુજબ દરેક ઉત્સવ ઉજવાતા હતા.

તા.૧૦ પાટોત્સવના મુખ્ય દિવસે મંદિરના ૧૫ મા વાર્ષિક પાટોત્સવની કાયમી સ્મૃતિ માટે મંદિર વિસ્તારમાં રાપર મંદિરના મહંત અને ઊમૈયા મંદિરના નિર્માતા સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી નિર્માણ પામેલ પ્રવેશદ્વારનું આજે ઉદ્‌ઘાટન થયું હતું. આ સમયે ગામના દરેક લોકો ઉપસ્થિત રહ્યા હતા. યજમાન પરિવારના ભક્તો સાથે સદ્‌ગુરુ









પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીના વરદ્હસ્તે ઉદ્ઘાટન થયું હતું. ત્યારબાદ કથાની શુભ શરૂઆત થઈ કથાને અંતે યજમાન પરિવારો, દાતાશ્રીઓ, સેવકો, મહાનુભાવો, આસપાસના મંદિરોથી પધારેલા પ્રતિનિધિઓ, વડીલો વિગેરેનું મહંત સ્વામી અને વડીલ સદ્ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજીના વરદ્હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. મંદિરના નિર્માતા સદ્ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ સૌની સેવા-ભક્તિને બિરદાવી દર્શન-ભક્તિની પ્રેરણા આપતા આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ સભામંડપમાં શ્રીઠાકોરજીનો પંચામૃત અભિષેક કરવામાં આવ્યો તેનો પણ સૌ ભક્તજનોએ લાભ લીધો હતો. અભિષેક પૂર્ણ થતાં કથા વિરામની આરતી કરવામાં આવી ત્યારપછી મંદિરના શિખર ઉપર નવી ધજા ચડાવવામાં આવી અને ઠાકોરજી આગળ અન્નકૂટના થાળ ધરવી આરતી કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પુ.સ્વામી દેવવિહારીદાસજીએ કર્યું હતું. અને સમગ્ર ઉત્સવનું સંકલન પુ.સ્વામી નૌતમમુનિદાસસજીએ કર્યું હતું.

અ - શીવજીભાઈ વિરજી આરેઠીયા - ઊમૈયા

## રાપર મંદિરે ઉજવાયો ફૂલદોલોત્સવ તથા રંગોત્સવ

ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાણ ભગવાનની અપાર કૃપાથી તથા મંદિરના મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી આદિ સંતોની આજ્ઞા અને રૂડા આશીર્વાદથી તા.૪/૩/૨૦૨૬ બુધવારના રોજ આપણા સ્વામિનારાયણ મંદિરે શ્રીનરનારાયણદેવ જયંતી ફૂલદોલોત્સવ ખૂબ ભક્તિભાવથી ઉજવાયો હતો. આ પ્રસંગે બે પુષ્પના હિંડોળા બનાવવામાં આવ્યા હતા. એક શ્રીઠાકોરજી આગળ કોડીમાં હતો જ્યાં સદ્ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી આદિ સંતો સાથે



યજમાન પરિવારના ભક્તોએ આરતી-પૂજનનો લાભ લીધો હતો. બીજો હિંડોળો નિજમંદિરના

ઘુમ્મટ નીચે બનાવવામાં આવ્યો હતો. ત્યાં સાં.યો.બહેનો સાથે યજમાન પરિવારના બહેનો સાથે મહિલા ભક્તોએ આરતી-પૂજનનો લાભ લઈ શ્રીહરિકૃષ્ણ મહારાજને ઝુલાવવાનો લાભ લીધો હતો.

પૂર્વાહ્નના આ સમય દરમિયાન કીર્તન-ભક્તિ સાથે પાંચ વખત ઠઆકોરજીની આરતી કરવામાં આવી હતી. આ ઉત્સવ-સમૈયાનો યજમાનપદ ગામ સેલારીના પ.ભ. મઘાભાઈ રામજીભાઈ વાઘડા પરિવારે સ્વીકારી અમૂલ્ય લાભ લીધો હતો. આ સેવા બદલ રાપર મંદિર વતી સંતોએ તેમનું સન્માન કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

અ - કોઠારી ડો. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી

## શ્રી સ્વામિનારાયણ મંદિર રાપર (વાગડ) માં ઉજવાયેલા વિવિધ ઉત્સવો

**રાપર મંદિરે વસંત પંચમી શિક્ષાપત્રી પૂજન ઉજવાયો હતો** :- તા.૨૩, શ્રીસહજાનંદસ્વામી મહારાજે શિક્ષાપત્રી લખી તેને આજના પાવન દિવસે ૨૦૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે રાપર મંદિરે ઉત્સવ ઉજવાયો હતો. સવારે મંગળા આરતી કરીને સભામંડપમાં સજાવેલ બાજોઠ ઉપર શિક્ષાપત્રી શાસ્ત્રને પધરાવીને બહોળી સંખ્યામાં ભક્તજનોએ પૂજનનો લાભ લીધો હતો. સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજીની અધ્યક્ષતામાં કોઠારી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી અને પુ.સ્વામી ધર્મવિહારીદાસજીએ શિક્ષાપત્રીના પ્રત્યેક શ્લોકના ઉચ્ચારણ સાથે પૂજન કરાવ્યું હતું. પૂજન બાદ સમૂહ આરતી કરવામાં આવી હતી.

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા નિર્મિત અસામ રાજ્યમાં સંસ્કૃત પાઠશાલાનું લોકાર્પણ

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ. ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગતજી, ઉપમહંત સ. ગુ. પુરાણી સ્વામી ભગવત્‌જીવનદાસજી, સ. ગુ. પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, શાસ્ત્રી પાર્ષદ માવજી ભગતજી વગેરે વડીલ સંતોની પ્રેરણાથી ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા નવનિર્મિત શ્રી રામાનુજ વેદાગમ સંસ્કૃત પાઠશાળાના લોકાર્પણ કાર્યક્રમના ઉપલક્ષ્યમાં ત્રીદિનાત્મક સંત સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું . આ આયોજનમાં ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરથી ૧૮ સંતોની ઉપસ્થિત રહી હતી, તેમજ કર્ણાટક, તમિલનાડુ, અયોધ્યા અને નેપાલ તેમજ પૂર્વોત્તરના અસામ, મેઘાલય, ત્રિપુરા, અરુણાચલ પ્રદેશ, ભુટાનદેશથી સંતો અને વિદ્વાનોએ આ સંમેલનમાં ભાગ લીધો હતો . આ સંત સંમેલનમાં વિશ્વ હિન્દુ પરિષદના તમામ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

સંમેલનની શરૂઆત તારીખ ૧૩ માર્ચથી કરવામાં આવી હતી. પ્રથમ દિવસે પૂર્વોત્તરના સાત રાજ્યમાં સનાતન હિંદુ ધર્મનો વિશેષ પ્રચાર થાય એના માટે ચર્ચા અને વિશેષ આયોજન દ્વારા કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના ડો. સ્વામી સત્યપ્રસાદદાસજીએ જણાવ્યું હતું કે આપણે સૌ ભારતીઓને સનાતન ધર્મની જ્યોત ઘર ઘર સુધી પ્રગટાવવી જોઈએ તેના માટે સ્વામિનારાયણ સંપ્રદાય હંમેશા પૂર્વોત્તર રાજ્યની જનતા સાથે રહીને સનાતન ધર્મનું કાર્ય કરતું રહેશે.

શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ જણાવ્યું હતું કે પ્રાંતવાદ અને ભાષાવાદ સંપ્રદાયવાદ છોડીને

આપણે સૌ ભારતીય સનાતની છીએ અને અખંડ ભારતનું નિર્માણ કરવું અને સનાતન ધર્મને આચરણમાં લાવીને વિશ્વ કલ્યાણ માટે આપણે સૌ પ્રયત્ન કરવો જોઈએ. નેપાલથી પધારેલ પીઠાધિપતિ દેવરાજ આચાર્યએ જણાવ્યું હતું કે નેપાલ હોય કે ભારત દેશ હોય કે પછી વિશ્વનો કોઈપણ દેશ જ્યાં સનાતની હિંદુ વસે છે એ આપણા બધા ભાઈઓ છે અને સૌ સાથે મળીને સદવિદ્યા અને અને આધુનિક વિદ્યાની સાથે સમાજને શાંતિ અને સમૃદ્ધિ માટે સૌએ પ્રયત્ન કરવો જોઈએ.

એ જ પ્રમાણે તિરૂપતિ અને કર્ણાટકના સંતોએ પણ સૌને સાથે મળીને ભારત દેશની સમૃદ્ધિ પરંપરાની સંસ્કૃતિ રક્ષા કરીને વિશ્વ કલ્યાણ માટે સૌએ પ્રયત્ન કરવો જોઈએ. આ ત્રિદિનાત્મક મહામહોત્સના પ્રથમ દિવસે નગરયાત્રા કાઢવામાં આવી હતી જેમાં હજારોની સંખ્યામાં આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ તેમજ સિક્કિમ અને ભૂટાનથી પણ લોકો આવીને લાભ લીધો હતો. ગુરુકુળના પ્રધાનાચાર્ય પંડિત મુકુન્દાચાર્યજીએ જણાવ્યું હતું કે પૂર્વોત્તરના આસામ રાજ્યમાં સૌપ્રથમવાર સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોએ ગુરુકુળનું નિર્માણ કરી અને સનાતન ધર્મ તેમજ સદ્વિદ્યા અને વેદના પ્રચાર માટે પહેલ કરી છે તેથી સ્થાનિક લોકો ખૂબ પ્રોત્સાહિત થયા છે.

એ બદલ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામી અને દાતાશ્રીઓને ખૂબ ખૂબ ધન્યવાદ આપવામાં આવે છે. આ પ્રસંગે ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરથી સદ્ગુરુ પુરાણી સ્વામી પુરષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી, કોઠારી સ્વામી ગોલોકવિહારીદાસજી શાસ્ત્રી માવજી ભગત તેમજ વિદ્યાર્થી સંતો પધાર્યા હતા. આ પ્રસંગે ગુરુકુળના નિર્માણના મુખ્ય દાતા શ્રી કાંતિભાઈ મૂરજી મેપાણી














ધર્મપત્ની પૂનમબેન અને પુત્ર વત્સલ ઉપસ્થિત રહ્યા હતા. આ સંત સંમેલનમાં મોટી સંખ્યામાં સંતો વિદ્વાનો અને વિશ્વનું પરિષદના કાર્યકર્તાઓ સાથે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પ્રચારકો ઉપસ્થિત રહ્યા હતા.

સંત સંમેલન સભાનું સંચાલન ગુરુકુળના પ્રધાનાચાર્ય મુકુંદાચાર્યે કર્યું હતું. શ્રી વેદાગમ સંસ્કૃત પાઠશાલાના લોકાર્પણ કાર્યક્રમમાં ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરથી ૧૮ સંતોએ ભાગ લીધો હતો.

## તપોવનધામ ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો 'વિદાય સમારંભ'

શ્રીહરિ તપોવન ગુરુકુળ ગંગાજી, રામપર-વેકરા સંચાલિત શ્રીહરિ વિદ્યામંદિરનાં પવિત્ર અને મંગલમય વાતાવરણમાં દિનાંક.૧૪/૩/૨૦૨૬ ના રોજ ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો 'વિદાય સમારંભ'નું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુકુળની પ્રાચીન પરંપરા મુજબ આ પ્રસંગે 'વિદાય' નહીં પણ નવા જીવનના મંગલ પ્રારંભ તરીકે ઉજવવામાં આવ્યો હતો. સમગ્ર વંદનાકક્ષને વિવિધ ફૂલો તથા તોરણોથી ભાતીગળ ઢબે શણગારવામાં આવેલ હતું.

કાર્યક્રમની શરૂઆત સવારે ૧૦-૦૦ કલાકે ધૂન-વંદના અને દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ સંસ્થાના પ્રમુખ સદ્ગુરુ શા.સ્વામી વિશ્વવલ્લભદાસજી, પુરાણી સ્વામી દિવ્યમુનિદાસજી, સ્વામી સત્યજીવનદાસજી, સ્વામી શ્યામચરણદાસજી, ટ્રસ્ટીશ્રીઓ હરજીભાઈ વેકરીયા, લક્ષ્મણભાઈ વરસાણી, વ્યવસ્થાપકશ્રી પ્રવિણભાઈ પિંડોરીયા, વિદ્યાભારતી પશ્ચિમ વિભાગ ઉપાધ્યક્ષ માવજીભાઈ રાબડીયા, સંસ્થા નિયામક નયનભાઈ ચાવડા, પ્રાથમિક પ્રધાનાચાર્ય નીરવભાઈ ઉપાધ્યાય, સંસ્થા શુભેચ્છો પૈકી વાઘજીભાઈ કેરાઈ, ધનજીભાઈ વેકરીયા, વાલજીભાઈ આશાણી આદિ મહાનુભાવોનું પ્રસાદીની પુષ્પમાળાથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓના વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાલયના વિદ્યાર્થી સંગાર યુવરાજે ગુરુકુળમાં વિતાવેલી પળો, વહેલી સવારની આરતી અને સમૂહ ભોજનની યાદો તાજી કરતા ભાવુક વક્તવ્ય આપ્યું હતું. ત્યારબાદ ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને સ્મૃતિચિહ્ન આપવામાં આવેલ હતા. ધોરણ-૧૨ ના વિદ્યાર્થી રબારી રોહિતે ભીની આંખે અને અડગ નિર્ધાર સાથે ગુરુકુળની પવિત્ર ધરતીને વંદન કરી નવા શિખરો સર કરવા કટિબદ્ધ થવા સંકલ્પબદ્ધ થવા સમું વક્તવ્ય આપ્યું હતું. વિદ્યાર્થી રાષ્ટ્રપ્રેમને સમર્પિત કરતું શૌર્યગીત રજૂ કર્યું હતું. વિદ્યાર્થી રાજ વરસાણીએ 'જો હું ગુરુકુળમાં અભ્યાસ ન કર્યો હતો' એ વિષય પર ટૂંકુ, સચોટ, આકર્ષણ, ભાવપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું હતું. ત્યારબાદ વિદ્યાલય કક્ષાએ લેવાયેલ પરીક્ષાઓમાં સતત પ્રથમ, દ્વિતીય,





તૃતીય નંબર મેળવેલ હોય તેવા વિદ્યાર્થીના વાલીશ્રીઓનું સન્માન કરવામાં આવેલ હતું. ત્યારબાદ ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ દ્વારા 'ગૌદાન' સેવાની ઘોષણા કરવામાં આવી હતી. વિદ્યાલયના પ્રાથમિક વિભાગના પ્રધાનાચાર્ય નીરવ ગુરુજી દ્વારા શૈક્ષણિક, સહઅભ્યાસિક પ્રવૃત્તિ એવં ખેલકૂદનું વૃત્ત રજૂ કરવામાં આવ્યું હતું. માવજીભાઈ રાબડીયાના મુખ્ય વક્તવ્યમાં ગુરુકુળ શિક્ષણ પ્રણાલી વિષય પર હૃદયસ્પર્શી રજૂઆત થઈ હતી.

કાર્યક્રમના અંતે છાત્રાલયના ગૃહપતિ મહિપાલ ગુરુજીએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે 'જનજાતિ શિક્ષણ સેવા પ્રકલ્પ' અર્થે વાલીઓ દ્વારા સહયોગ રાશિનું અનુદાન પણ આપવામાં આવેલ હતું. ભોજન પ્રસાદ ગ્રહણ કરી સૌ સ્વસ્થાન થયા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા તપોવનધામ પરિવારના કર્મચારીગણે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમના સંયોજક સહપ્રધાનાચાર્યા મંજુલા દીદી રહ્યા હતા. અને સંચાલન સહપ્રધાનાચાર્ય મયુર ગુરુજીએ સંભાળ્યું હતું. આ દિવસ સૌના હૃદયમાં એક અવિસ્મરણીય સંભારણું બની રહેશે.

અ - આચાર્યા સંગીતા ભંડેરી

## શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપરની શાળામાં માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ શાળામાં તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. માતૃભાષા દિવસને અનુલક્ષીને વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષામાં વાર્તા કથન અને માતૃભાષાના મહત્ત્વ વિશે વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને શાળા દ્વારા ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાના ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા. શાળા વતી આચાર્ય પંકજ રાજગોર દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણમાં માતૃભાષાના મહત્ત્વની વાત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુરુકુળ વતી સંચાલક સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી, સર્વે ટ્રસ્ટીગણ અને શાળાના આચાર્ય સાંકેતસિંઘ, પંકજ રાજગોર સાથે શાળાના સર્વે શિક્ષકો હાજર રહ્યા હતા.



## શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપરની શાળામાં વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ શાળામાં તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિજ્ઞાન દિવસને અનુલક્ષીને ધોરણ ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ દ્વારા હવાનું દબાણ, પદાર્થની ઘનતા,



ઉષ્મા વહન, ટપક સિંચાઈ પદ્ધતિ, જવાળામુખીની રચના, અંધશ્રદ્ધામાં વિજ્ઞાન વિગેરે જેવા વિવિધ પ્રયોગો રજૂ કરવામાં આવ્યા હતા. અને વિજ્ઞાનને લગતી ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિજેતા થયેલ તમામ વિદ્યાર્થીઓને શાળા દ્વારા સર્ટીફિકેટ અને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાના ૨૦૦ થી વધારે વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા. શાળા વતી આચાર્ય પંકજ રાજગોર દ્વારા વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષયને પ્રયોગ દ્વારા ભણવાની વાત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુરુકુળ વતી સંચાલક સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી, સર્વે ટ્રસ્ટીગણ અને શાળાના આચાર્ય સાંકેતસિંઘ, પંકજ રાજગોર સાથે શાળાના સર્વે શિક્ષકો હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંયોજન નેહલબા ઝાલા, વિજ્ઞાન શિક્ષક જાનવીબેન ગોર અને અક્ષય ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપરની શાળામાં NEP ૨૦૨૦ આધારિત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ શાળામાં ૨૧મી સદીની બદલતી શિક્ષણ પ્રણાલીને ધ્યાનમાં રાખીને શાળાના શિક્ષકો માટે NEP ૨૦૨૦ આધારિત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારના મુખ્ય વક્તા તરીકે ડો.વિક્રમ સારાભાઈ ઈન્સ્ટટ્યુટના અનુભવી તાલિમી એજ્યુકેશન ટ્રેનરશ્રી અશ્વિનભાઈ પ્રજાપતિ દ્વારા રસપ્રદ વ્યાખ્યાન રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં NEPના વિવિધ આયામોની વિશેષ સમજ આપવામાં આવી હતી. શાળાના સર્વે શિક્ષકો આ કાર્યક્રમમાં જોડાયા હતા. શાળા વતી આચાર્ય પંકજ રાજગોર દ્વારા સાહેબનું કાર્યક્રમ બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ગુરુકુળ વતી સંચાલક સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી, સર્વે ટ્રસ્ટીગણ અને શાળાના આચાર્ય સાંકેતસિંઘ, પંકજ રાજગોર સાથે શાળાના સર્વે શિક્ષકો હાજર રહ્યા હતા.



## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ અસ્મિતા લીગ મેચ રગ્બીમાં ગુજરાતમાં મોખરે

ગુજરાત સરકાર દ્વારા આયોજિત અસ્મિતા લીગ મેચ અંતર્ગત રગ્બી રમતનું આયોજન ગાંધીનગર મુકામે તા.૬ થી ૭ માર્ચ ૨૦૨૬ ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરેલ હતું. જેમાં U-18 વિભાગમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં વિજેતા થયેલ હતા. અને U-15 વિભાગમાં તૃતીય ક્રમાંક મેળવેલ છે.







દીકરીઓના પ્રશંસનીય પ્રદર્શન બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી આદિ સમસ્ત સંત મંડળ, સાં.યો.મહંત સામબાઈ ફઈ સહ સમસ્ત સાં.યો.બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ હતી.

આ સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થાના પ્રમુખશ્રી રામજીભાઈ વેકરીયા, મંત્રીશ્રી પ્રવિણભાઈ પિંડોરીયા, સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યા દક્ષાબેન પિંડોરીયા, કોચ રશ્મિતાબેન સહ સ્ટાફ પરિવાર તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ હતી.

# સત્સંગ સમાચાર વિદેશ

## શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સિડની-ઓસ્ટ્રેલિયા વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સિડની-ઓસ્ટ્રેલિયામાં તા.૨૦ થી ૨૬ ડિસેમ્બર ૨૦૨૫ સુધી શ્રીઘનશ્યામ મહારાજનો ૧૩ મો વાર્ષિક પાટોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ હરિભક્તો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. પરંતુ આ પાટોત્સવ વિશેષ એ માટે રહ્યો કે શિક્ષાપત્રીના ૨૦૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે વિશેષ શ્રીશિક્ષાપત્રી ભાષ્ય કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાટોત્સવ માત્ર એક ધાર્મિકવિધિ નહોતી, ભક્તિ-જ્ઞાન-સંસ્કાર અને






સંગઠનની શક્તિનો જીવંત અનુભવ હતો.

આ પવિત્ર પ્રસંગે ભુજધામથી પૂજ્ય સંતોનું આગમન થયું હતું. સ્વામી સૂર્યપ્રકાશદાસજી, સ્વામી કૃષ્ણચરણદાસજી, સ્વામી પરબ્રહ્મજીવનદાસજી, સ્વામી સદ્‌ગુણસ્વરૂપદાસજી. તેમના આગમનથી સિડનીના હરિભક્તોમાં નવી ઊર્જા, નવી પ્રેરણા અને ભક્તિનો અદ્‌ભુત પ્રવાહ વહ્યો હતો. સંતોએ શિક્ષાપત્રીના સૂક્ષ્મ તત્ત્વો, જીવનમાં તેની પ્રાસંગિકતા અને તેને દૈનિક જીવનમાં કેવી રીતે ઉતારવી તે સરળ અને હૃદયસ્પર્શી રીતે સમજાવ્યું હતું.

પાટોત્સવના પ્રથમ દિવસો ભવ્ય પોથીયાત્રા યોજાઈ હતી. હરિભક્તોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ત્યારબાદ સૌ હરિભક્તોએ ઉત્સવ નિમિત્તે લીધેલા નિયમો આ પાટોત્સવની શુદ્ધતા અને આધ્યાત્મિકતા વધારતા હતા.

આ ઉપરાંત પવિત્ર ધનુર્માસમાં દરરોજ સવારે ધૂન થતી. ધૂન પછી થાળનું આયોજન થતું, જેમાં પરંપરાગત રીતે બહેનો હરિભક્તો થાળ બનાવતા. પરંતુ છેલ્લા થોડા વર્ષોથી મંદિરમાં નાના બાળકો અને બાલિકાઓ તરફથી ઉમંગભર્યો સહયોગ જોવા મળે છે. મહારાજને રાજી કરવાની ઈચ્છા ને મહેનત બહુ જ પ્રેરણાદાયી છે. આ સેવા માત્ર પરંપરા જાળવતી નથી, પરંતુ આગામી પેઢીમાં સંસ્કાર અને ભક્તિનું બીજ વાવે છે.

પાટોત્સવ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. યુવાનો દ્વારા રજૂ કરાયેલ કાર્યક્રમો સૌને આનંદિત કરી ગયા હતા. માત્ર મનોરંજન નહોતું, પરંતુ સંસ્કાર અને ભક્તિનું સુંદર સંમિશ્રણ હતું.

આ પાટોત્સવ માત્ર વર્ષાંતનો ઉત્સવ નહોતો, પરંતુ એ સંદેશ આપતો હતો કે, 'અમે ભૌતિક રીતે પણ વધી રહ્યા છીએ અને આધ્યાત્મિક રીતે પણ સમૃદ્ધ બની રહ્યા છીએ.'

**S.S.M.B. SYDNEY** એક મજબૂત, એકતાભર્યું અને સંસ્કારી સંગઠન બની રહ્યું છે. આગામી વર્ષમાં **S.S.M.B. SYDNEY**ને ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે "સંગઠન પર્વ" તા.૪ થી ૧૨ જુલાઈ ૨૦૨૬ દરમિયાન ઉજવાશે.

આ પર્વ અમારી એકતા, સેવા, ભક્તિ, વડીલોની મહેનત અને સંતોનો અગાધ પ્રેમ અને પરિશ્રમની સાક્ષી બનશે. આગામી પર્વોમાં આપ સૌનું પધારવા હાર્દિક આમંત્રણ છે.

અ - નિતિનભાઈ હિરાણી

## શ્રીસ્વામિનારાયણ મંદિર પર્થ-ઓસ્ટ્રેલિયા

પર્થ-ઓસ્ટ્રેલિયા સ્થિત શ્રીસ્વામિનારાયણ મંદિરમાં ભક્તિમય વાતાવરણ વચ્ચે પૂજ્ય ભુજ મંદિરના મહંત સ્વામીના આશીર્વાદથી કથા પારાયણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કથાનું આયોજન અક્ષરનિવાસી આત્માઓ રાધાબાઈ ભંડેરી, કાનજીભાઈ હિરાણી, લાલજીભાઈ હિરાણી અને નાનજીભાઈ આશાણીની પવિત્ર સ્મૃતિમાં તેમના પરિવારજનોના યજમાનપદે કરવામાં આવ્યું હતું. હરિભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કથાનો લાભ લીધો









હતો.

દિનાંક.૧૪ ફેબ્રુઆરીના રોજ ભવ્ય પોથીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. દિનાંક.૧૫ ફેબ્રુઆરીએ સ્થાપન વિધિ સાથે કથાનો પ્રારંભ થયો હતો. આજ દિવસે મહાશિવરાત્રીનો પવિત્ર ઉત્સવ પણ ભક્તિભાવ પૂર્વક ઉજવાયો હતો.

કથા દરમિયાન વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ફળકૂટ ઉત્સવ, સંતોનું પૂજન, ભજન સંધ્યા, પટ્ટાભિષેક તથા શાકોત્સવ જેવા ઉત્સવો ઉજવાયા હતા. આ તમામ કાર્યક્રમોથી મંદિર પરિસરમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો.

આ પ્રસંગે ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી મહાપુરુષદાસજી, શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, વક્તા સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, વક્તા સ્વામી ઘનશ્યામનંદનદાસજી, સ્વામી ભક્તવત્સલદાસજી, સ્વામી ભક્તિપ્રકાશદાસજી, સ્વામી સંતજીવનદાસજી વિગેરે સંતોની પાવન ઉપસ્થિતિ રહી હતી. તેમના આશીર્વચન અને કથાવાર્તાનો હરિભક્તોએ ભાવપૂર્વક લાભ લીધો હતો.

દિનાંક.૧૪ ફેબ્રુઆરીના રોજ ઉત્થાપનવિધિ સાથે કથા પારાયણનું સમાપન કરવામાં આવ્યું હતું.

અ-રાજનભાઈ હિરાણી

## પશ્ચિમ આફ્રિકા ગામ્બિયા મધ્યે શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ તાબાનું નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

પશ્ચિમ આફ્રિકા ગામ્બિયામાં કચ્છના હરિભક્તો મોટી સંખ્યામાં વ્યવસાય માટે સ્થાઈ થયેલ હોઈ કચ્છની પરંપરા અનુસાર ધર્મનિયમ મુજબ ભજન ભક્તિ કરી શકે એવા હેતુથી મંદિર નિર્માણનો સંકલ્પ ભુજ મંદિરના મહંત સ્વામી પાસે આવતાં, ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞાથી ઉપમહંત સ્વામી આદી સંતોના વરદ હસ્તે નવા મંદિરનું ખાતમુહૂર્ત અને શિલાન્યાશ વિધિ કરવામાં







આવ્યો છે. ભુજ મંદિર દ્વારા વિશાળ જગ્યામાં નૂતન મંદિરનું નિર્માણ નક્કી કરેલ છે. શિલાન્યશ વિધિ તારીખ ૫/૩/૨૬ ના રોજ સવારે ૧૦ કલાકે શુભ મુહૂર્તમાં ભુજ મંદિરના ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવન દાસજી, સદ્ગુરુ સ્વામી માધવપ્રસાદદાસજી, કોઠારી સદ્ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, પુરાણી સ્વામી સરયુદાસજી, પુરાણી સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. અને હરિભક્તોની બાહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. આ પ્રસંગે ૩ દિનાત્મક પારાયણ રખાવામાં આવી હતી જેમાં ભુજ મંદિરના સંતોએ સત્સંગનો ખૂબ જ લાભ આપ્યો હતો. આ પ્રસંગે ભુજ મંદિરના વડીલ અને વિદ્વાન સંતોના આશીર્વાદ મળ્યા હતા. મંદિર નિર્માણમાં ગામ્બિયાના હરિભક્તોએ નૂતન મંદિર બાંધકામમાં લગભાગ ૭ કરોડ રૂપિયા જેટલી સેવા નોંધાવી મહારાજ અને સંતોનો રાજીપો મેળવ્યો હતો. જલ્દીથી આ મંદિરનું બાંધકામ પૂર્ણ થાય અને શ્રી ઠાકોરજીની મૂર્તિ સ્થાપિત કરવામાં આવે તેવી પ્રાર્થના સૌ સાથે મળીને કરી હતી.

અહેવાલ - પ્રેમજીભાઇ હિરાણી

## અક્ષરધામ સંકુલ ઉદ્ઘાટન (કંપાલા - યુગાંડા)

કંપાલા દરેક સત્સંગીનું પોતાનું ઘર હોવું જોઈએ.. આ સ્વપ્ન સાકાર થયું કંપાલા-યુગાન્ડામાં વસતા હરિભક્તો માટે ૩૦ એકર જમીન એટલે શ્રી સ્વામિનારાયણ કોમ્પ્લેક્સ જેમનું સંપૂર્ણ ભૂમિ દાન ફોટડીના વતની અ.નિ. હસમુખભાઈ કાનજી ભુડિયા પરિવાર તરફથી કરવામાં આવેલ છે. કોમ્પ્લેકસમાં અંદાજિત ૩.૨૫ એકર માં અક્ષરધામ સોસાયટી પ્રોજેક્ટનું નિર્માણ કરવામાં આવેલ છે. આ સોસાયટીમાં ૨૪૦ ફ્લેટ પડતર ભાવે કચ્છી લેવા પટેલ સમુદાયના લોકોને અર્પણ કરવામાં આવ્યા છે.

આ અક્ષરધામ સોસાયટીનું ઉદ્ઘાટન દિનાંક ૧૫/૦૩/૨૦૨૬ રવિવારે સવારે ૧૦ કલાકે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભુજ મંદિરથી ઉપમહંત સ. ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી, સ. ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ. ગુ. સ્વામી હરિબળદાસજી આદી ૨૦ જેટલા સંતો ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત હરિભક્તોને પૂજ્ય સંતોએ રુડા આશીર્વાદ પાઠવ્યા હતા.

દિનાંક ૧૪/૩ શનિવાર ના રોજ અક્ષરધામ સોસાયટી વિસ્તારમાં ભવ્ય મહાપૂજા નો






કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં જેમને ફ્લેટ લીધા એ દરેક ભક્તો તેમજ અન્ય ભક્તો બહેનો બાઈઓ લાભાન્વિત થયા હતા. દરેક ફ્લેટમાં સંતો અને ઠાકોરજીની પધરામણી કરવામાં આવી હતી. મોટા સંતો રાજી થયા હતા કે અલગ અલગ જગ્યાએ રહે એના કરતાં એક જગ્યાએ રહે, મંદિરનું સાનિધ્ય, શાળા પણ બાજુમાં એટલે ખૂબ સારી સગવડ થઈ છે હવે ધર્મ નિયમમાં રહી. કોમ્પ્લેક્સમાં શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર (ભુજ તાબાનું), લેવા પટેલ સમાજ, શ્રી સહજાનંદ સ્કૂલ, નર્સરી વગેરે વિભાગો આવેલ છે. આ સંકુલમાં ભુડિયા પરિવારનું અંદાજિત રૂ. ૩૫૦ કરોડ જેટલું આર્થિક યોગદાન છે. આ સાથે કંપાલા મંદિર દ્વારા નિર્માણ પામનાર મલ્ટી પર્પઝ બિલ્ડીંગનું પૂજ્ય સંતોના વરદ હસ્તે શિલાન્યાસ વિધિ કરવામાં આવેલ હતો. સંતોના કંપાલ મંદિર રોકાણ દરમિયાન ત્રિદિવસીય રાત્રીસભાના આયોજનમાં પૂજ્ય સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, ડો. સ્વામી અક્ષરમુનિદાસજીએ સત્સંગનો લાભ આપ્યો હતો.

સ. ગુ. સ્વામી હરિબળદાસજી, શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રિયદાસજી, શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામિ કૃષ્ણસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી આદિ સંતોએ રુડા આશીર્વાદ આપ્યા હતા. ઉદ્ઘાટનમાં સંતો સાથે અક્ષરધામ સોસાયટીના ટ્રસ્ટી નિતિનભાઈ માવજી વેકરિયા, દિપકભાઈ લાલજી સેંઘાણી, નિમેષભાઈ ખીમજી સિયાની, પ્રશાંતભાઈ રામજી રાબડિયા અને કાર્યવાહી કમિટીના અધ્યક્ષ રાજેશભાઈ કાનજી હિરાણી, મંત્રી નિશાંતભાઈ કાનજી હિરાણી, ખજાનચી કૌશિકભાઈ વિનોદ હાલાઈ, મનસુખભાઈ રવજી જેસાણી આદિ સભ્યો સાથે મંદિર, સ્કૂલ અને સમાજના પ્રમુખ શ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમનું સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું.

અહેવાલ નિશાંત હિરાણી

## શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક/યુવતી મંડળ દારેસલામ આયોજીત બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા શિબિર ૨૦૨૬ સંપન્ન.

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક/યુવતી મંડળ દાર એસ સલામ દ્વારા ત્રિદિવસીય શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં તીર્થધામ ભુજથી પરમ પૂજ્ય સદ્. મહંત સ્વામીશ્રી ધર્મનંદનસ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી શાસ્ત્રી સ્વામી મુક્તવલ્લભદાસજી આદિક ૧૧ સંતો પધારીને યુવાનો, યુવતીઓ, બાલ અને બાલિકાઓને જ્ઞાન રસ પીરસીને આનંદિત કર્યા હતા.

પ્રથમ દિવસે શ્રીઠાકોરજીની શિબિર સ્થળ સમુદ્ર કિનારે ભવ્ય આગમન યાત્રા રાખવામાં આવી હતી અને પછી સંતો સાથે મંદિરની કાર્યવાહી કમિટિ અને વડીલ હરિભક્તો દ્વારા દિપ પ્રાગટ્ય કરી શિબિરની શુભ શરૂઆત કરવામાં આવી હતી.












આ શુભ અવસરે શાસ્ત્રી સ્વામી મુક્તવલ્લભ દાસજીએ દરેક શિબિરાર્થીઓને અંતરનાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા, તેમજ સૌ સિબિરાર્થીઓને ભુજ મંદિરનાં મહંત સ.ગુ. પ. સ્વામી ધર્મનંદનદાસજી પણ ઓનલાઈન વિડિયો દ્વારા દરેકને રાજીપા સહિત અંતરનાં રૂડા આશિર્વાદ પાઠવ્યા હતા.

સૌ પ્રથમ શા. સ્વામી સંતસ્વરૂપદાસજીએ પ્રેઝન્ટેશન દ્વાર પરાભક્તિ વિષય ઉપર શિબિરાર્થીને સમજ આપી હતી. ત્યારબાદ બપોર પછીનાં સત્રમાં પુ. સ્વામી કુંજવિહારીદાસજીએ ભગવાનની ભક્તિ વિધ્નો એ વિષય પ્રેઝેન્ટેશન કર્યું હતું. સાંજનાં સત્રમાં શ્રીઠાકોરજીની આરતી નિત્ય નિયમ ત્યાર બાદ વ્યાખાનમાળામાં શા. સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ ભુજ મંદિર અને શ્રી નરનારાયણદેવનો મહિમા કહ્યો હતો. રાત્રીનાં સત્રમાં કિર્તન અંતાક્ષરી (આઈકોન ગેમ) રમાડીને યુવાનોને કિર્તન ભક્તિસરમાં તરબોળ કર્યા હતા.

બીજા દિવસે સવારનાં સત્રમાં રાત્રી રોકાણ કરતાં યુવાનો વહેલી સવારે ૫:૦૦ વાગ્યે જાગીને સમુહ પ્રાતઃપૂજા કરી હતી અને ત્યારબાદ શાસ્ત્રી હરિસ્વરૂપદાસજી દ્વારા વ્યર્થ કાલો ન નેતવ્યો પ્રેઝન્ટેશન કર્યુ. ત્યારબાદ શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીએ વ્યાખાનમાળામાં ભુજ મંદિર અને નરનારાયણદેવનાં મહિમાની બળભરી વાત કરી હતી. ત્યારબાદ પ્રશ્નચર્ચા દ્વારા યુવાનો અને યુવતીઓને મનમાં મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. બપોર પછીનાં સત્રમાં પુરાણી સ્વામી નિલકંઠજીવનદાસજીએ કર્મનું ચક્ર વિષય ઉપર પ્રેઝન્ટેશન દ્વારા કર્મનાં સિદ્ધાંતની વાતને વિવિધ શાસ્ત્રોનાં પ્રમાણ દ્વારા સમજાવી હતી.

રાત્રિનાં સત્રમાં સૌને પ્રિય અને મનોરંજક એવી કિર્તન હાઉસી ગેમ કિર્તન ધામ ગેમ શાસ્ત્રી સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી અને સંગીતકાર યુવાનોએ સૌને સંગીતની સાથે રમાડ્યા હતા અને

ભાગ્યશાળી વિજેતાઓને સંતોનાં વરદ્ હસ્તે ઈનામ પણ આપવામાં આવ્યા હતા.

ત્રીજા દિવસે વહેલી સવારે પ્રાતઃપૂજા કરી અને દરિયાકિનારે પ્રાતઃ વચનામૃતની સભા કરવામાં આવી ત્યારબાદ ત્રીજા દિવસનાં સવારનાં સત્રમાં શાસ્ત્રી સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજીએ મુખ્ય વિષય બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા પ્રેઝન્ટેશન દ્વારા સમજાવ્યો હતો.

બપોર પછીનાં સત્રમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સભા કરવામાં આવી હતી અને ત્યારબાદ ત્રણેય દિવસ જે જે વિષય ઉપર ચર્ચા કરવામાં આવી હતી તેનું રીવીઝન શાસ્ત્રી સ્વામી હરિસ્વરૂપદાસજી દ્વારા કરવામાં આવ્યું હતું. સાંજનાં સત્રમાં સમુદ્ર કિનારે શ્રીઠાકોરજીની સંધ્યા આરતી તથા નિત્ય નિયમ કરવામાં આવ્યા હતા. અંતમાં શાસ્ત્રી સ્વામી મુક્તવલ્લભદાસજીએ સહુ શિબિરાર્થીઓને શુભ આશિર્વાદ આપ્યા હતા.

શિબિરમાં સભા સંચાલકનું શુચારું સંચાલન સ્વામી કપિલમુનીદાસજીએ કર્યું હતું. સાથે બાળકો માટે પણ અલગ સત્સંગ સભાની વ્યવસ્થા કરી હતી જેમાં સ્વામી વ્યાસસ્વરુપદાસજી અને સંચાલક યુવાનોએ પ્રેઝન્ટેશનના માધ્યમથી વિવિધ વિષયો દ્વારા બાળ જીવનને ઉપયોગી સમજ આપી હતી અને વિવિધ પ્રકારની ગેમો રમાડી બાળકોને આનંદીત કર્યા હતા.

આ સમગ્ર શિબિરમાં શ્રી ટાન્ઝાનીયા સ્વામિનારાયણ મંદિરની કાર્યવાહી કમિટિ, યુવક મંડળ સમિતિ, યુવતી મંડળ સમિતિ તેમજ બાલ-બાલિકા મંડળનાં સંચાલકોએ ખુબ જ સારો સહયોગ આપ્યો હતો. તેમજ આ શિબિરનાં સફળ કરવા વિવિધ સમિતિની રચના કરી હતી તેમાં યુવાનો-યુવતીઓ સમય આપી ખૂબ સેવા કરી હતી. આ રીતે શિબિરનું ઉમંગભેર આયોજન કરવામાં આવ્યું હતું. યુવાનો અને યુવતીઓ આ શિબિરમાંથી પોતાના જીવનમાં આધ્યાત્મિક, સામાજીક અને
















કૌટુંબિક જીવનમાં ખુબ જ ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત કરીને આનંદિત થયા હતા.

શિબિરના વિવિધ વિષયોનો અર્ક સ.ગુ. સ્વામી મુક્તવલ્લભદાસજી બાળકોમાં સારા સંસ્કાર આવે એ માટે ગર્ભસંસ્કારની જરૂરી છે. માતાને કેવા બાળકને જન્મ આપવો એ એમના વિચાર અને વર્તન પર આધાર છે. જેમને ત્યાં સારા બાળકનો જન્મ થાય છે, તેમાં માબાપનું તપ હોય છે. સારા બાળકોને જન્મ કર્મ પર નથી તમે ધારો તો સંસ્કારો દ્વારા સારા બાળકો મેળવી શકો છો. તૈયાર કરી શકો છો. કર્મ પર આધાર રાખીવે બેસી ન રહેવું. આવી એનક મુદ્દાઓ દ્વારા બાળ સંસ્કાર અંગે વાત કરી હતી.

શા.સ્વામી સંતસ્વરૂપદાસજી જીવનનું લક્ષ્ય ભગવાનને વિષે પરાભક્તિ પ્રાપ્ત કરવી એ જ છે. પરાભકિત એટલે મોક્ષને આપનારી અસાધારણ પ્રેમલક્ષણા ભક્તિ. ભક્તિ બે પ્રકારની છેઃ- સાધન ભક્તિ અને સાધ્ય ભક્તિ એમાં સાધન ભક્તિ નવ પ્રકારની છેઃ- શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસત્વ, સખા, આત્મનિવેદન. આ સાધન ભક્તિ દ્વારા જ સાધ્ય ભક્તિ પ્રેમલક્ષણા પરાભક્તિ પ્રાપ્ત થાય છે.

સ્વામી કુંજવિહારીદાસજી જીવનમાં વિઘ્ન તે ખરેખર વિઘ્ન નથી, પણ એક શીખ છે. તેમાંથી મનુષ્ય અનુભવી અને નિર્ભય બને છે. વિઘ્નોથી હતાશ થાય છે તે દુઃખી થાય છે. અને વિઘ્નોમાંથી શીખે છે તે સુખી થાય છે. વિઘ્નોથી નહિ ડરી ભગવાનની ભક્તિ તરફ આગળ વધતા રહેવું જોઈએ.

શા. સ્વામી શ્યામકૃષ્ણદાસજી

**કચ્છ ભુજમાં શ્રીભગવંત, જીવ કલ્યાણ કાજ અત્યંત ।**
**મંદિર કરાવ્યું નિજ હાથે, દેવ પધરાવ્યા પોતે લૈં બાથે ॥**

ભગવાન શ્રીહરિએ ભુજધામમાં પધરાવેલ શ્રીનરનારાયણદેવ તે કચ્છના હરિભક્તોના કલ્યાણ અને સુખને માટે છે. માટે એકનિષ્ઠા રાખીને રહેવું. એ શ્રીનરનારાયણદેવ તમારા સંકલ્પ પૂરા કરે છે.

શાસ્ત્રી સ્વામી હરિસ્વરૂપદાસજી ભગવાને બે અતિ દુર્લભ અને કિંમતી વસ્તુઓ આપી છે - મનુષ્ય દેહ અને સમય. ૮૪ લાખ યોનીઓ છે, તેમાં ભગવાને મનુષ્યને જ વિચારવા માટે સ્વતંત્ર બુદ્ધિ આપી છે. કેટલો કિંમતી છે તેમજ તે મનુષ્ય દેહ વડે જ જીવાત્માનું આત્યંકિત કલ્યાણ થાય છે. જેની પાસે સત્સંગ માટે સમય નથી, તે મૂર્ખતા ભર્યું ખોટનું કામ કરે છે. તેની માટે આત્યંતિક કલ્યાણના સર્વે દરવાજા બંધ થઈ જાય છે.

સ્વામી રામકૃષ્ણદાસજી કચ્છદેશના જે હરિજન, કામ ક્રોધ નથી જેને મન દ્વ બીજી ઉપાસના નથી અન્ય, શ્રીહરિનું બળ છે અનન્યી કચ્છના સંત અને ભક્તનો મહિમા સમજવો. અને સંત અને ભક્ત પ્રત્યે નિખાલસપણું, નિર્દોષપણું અને નિષ્કપટપણું રાખવું.

શાસ્ત્રી નિલકંઠજીવનદાસજી સ્વામી કર્મ ત્રણ પ્રકારના છે - ક્રિયમાણ, સંચિત અને પ્રારબ્ધ. તેમાં જે ક્રિયમાણ કર્મ વર્તમાન સમયે ભોગવાતાં નથી, તે સંચિત કર્મ બને છે. સમયે આવ્યે સંચિત કર્મ પ્રારબ્ધરૂપે ભોગવવાં પડે છે. આપણો અધિકાર

માત્ર કર્મ કરવાનો છે. તેનું ફળ ભગવાનના હાથમાં છે. માટે ભગવાન રાજી થાય એવાં કર્મો કરવા.

શાસ્ત્રી સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી જીવાત્મા ક્યારેય જન્મતો નથી અને ક્યારેય મરતો નથી. તે શસ્ત્ર વડે કપાતો નથી, અગ્નિથી બળતો નથી, પાણી તેને ભીંજવી શકતું નથી અને તાપ તેને સુકવી શકતો નથી. એવો જીવાત્મા હૃદયમાં રહ્યો છે, અણુસરખો સૂક્ષ્મ છે, ચૈતન્યરૂપ છે, જાણનારો છે, પોતાની જ્ઞાનશક્તિ વડે નખથી શિખાપર્યંત વ્યાપીને રહેલો છે. એ જીવાત્માનો અનુભવ સત્સંગથી થાય છે. માટે જેને સત્સંગ થયો છે, તેને તો પોતાના જીવાત્માનું દર્શન કરવું, તે પોતાના હાથમાં જ છે. (ગ.પ્ર.૨૦)

## શ્રી.ક.સ.સ્વામિનારાયણ મંદિર-ઇસ્ટ લંડન મધ્યે ૨૦૦ મો શિક્ષાપત્રી જયંતી ઉત્સવ ઉજવાયો

તા. ૨૦/૨/૨૦૨૬ થી તા.૨૩/૨/૨૦૨૬ સર્વજીવ હિતાવહ શ્રીજીમહારાજનું વાંઙ્મય સ્વરૂપ શ્રીશિક્ષાપત્રી જયંતી ૨૦૦ વર્ષની ઉજવણી નિમિત્તે જગવિખ્યાત **Oxford Univercity**ની **Bodleion Libray** આ પુનિત પાવનકારી પુસ્તિકાનું શ્રી.ક.સ.સ્વામિનારાયણ મંદિરે આગમન થયેલ. ઈસ્ટ લંડન મંદિરે શ્રીશિક્ષાપત્રી **A Code Of Codu**વે સ્વંય શ્રીહરિ દ્વારા શ્રીહરિ મંડપ વડતાલ મધ્યે આ લખાયેલ શિક્ષાપત્રી શ્રીજીમહારાજે સંવત .....ની સાલમાં મુંબઈના ગવર્નર **Sir Malcam**ને સ્વહસ્તે રાજકોટ ધામે અર્પણ કરેલ. આ એજ પત્રિકા **Sir Malcam** અને કાર્યકર્તાઓએ, કુટુંબ પરિવારે **Oxford Libray**ને અર્પણ કરેલ. ૨૦૦ વર્ષ સુધી એ અહીં સર્વને દર્શન આપે છે. ૨૦૦ વર્ષ પૂર્ણ થતાં મંદિરની વિનંતીથી **Libray**ના કાર્યકર્તાઓએ સ્વીકારેલ અને **Self Contain** વાહન દ્વારા આપણાં મંદિરે પધરાવેલ.



તા.૨૦/૨/૨૦૨૬ને શુક્રવારે પ્રથમ મંદિરની વાડીએ **S.S.W.** એ પધરામણી કરેલ. સત્સંગી ભક્તજનોએ ફુલ-ગુલાલ-કંકુ-ચોખાથી વધાવેલ ત્યારપછી મંદિરે ચાર દિવસ માટે સુવાતાવરણ-શણગારેલ-સુશોભિત જગ્યાએ હરિભક્તો-યુવક મંડળ સર્વે મળીને અગણિત વાજીંત્ર સંગીત સાથે આવકારેલ.

શિક્ષાપત્રી અનાવરણ આ સમયે તમામ ખર્ચ સેવા રૂપે પ.ભ.કાનજીભાઈ નાનજી હિરાણી, સુપુભ હિતેશ, મનિષ, માતૃશ્રી મેઘબાઈ, સુપુત્રી ભારતીબેન તેમજ સમસ્ત પરિવાર સમસ્ત **Transport** નો ખર્ચની સેવા અર્પણ કરેલ. તેમજ પ્રથમ દિવસે સાંજે સર્વે સત્સંગીઓની હાજરીમાં આવકાર, ભલે પધાર્યાના ભાવથી પધરાવેલ-ઉદ્‌ઘાટન કરેલ. પ.ભ.કાનજીભાઈ નાનજી-ઈસ્ટ લંડન ગામ મેઘપર પરિવાર, પ.ભ.સુરેશભાઈ



વરસાણી પરિવાર ઈસ્ટ લંડન ગામ નારાણપર, અ.નિ.માતૃશ્રી વાલબાઈ રામજી લાલજી હિરાણી ગામ બળદિયા પરિવાર સાથે રહીને પડદો ખોલીને આવકાર આપેલ. ત્રણ દિવસ સુધી આ પ્રાંતના અસંખ્ય સત્સંગીઓને દર્શનનો લાભ મળેલ. આ સમયે મંદિરના હાલ પુજારીશ્રી જાદવજીભાઈ કેરાઈ ગામ ગોડપરના જન્મદિવસ નિમિત્તે ઠાકરથાળી ઉત્સવનું સંતોના સથવારે પુ.સ્વામી નારાયણમુનિદાસજીના મંડળના સંતો પુ.સ્વામી ભજનપ્રકાશદાસજી આદિ હાજરી આપીને ઉત્સવને શોભાવ્યો. મહાપ્રસાદ-શિક્ષાપત્રી મુળપાઠ વિગેરે અન્ય ઉત્સવ સાથે આયોજન કરીને ઉત્સવની શોભા વધારેલ. પૂજ્ય મહંત સ્વામી તથા પ.પૂ. આચાર્યા મહારાજશ્રીનો શુભ સંદેશ-શુભેચ્છાઓ મહોત્સવમાં સુવાસ આપેલ.

તા.૧૫/૨/૨૦૨૬ને રવિવારે સાંજે મહાશિવરાત્રી શુભ દિને શિવજી અભિષેક તેમજ ઠાકરથાળી રાસોત્સવનું આયોજન કરેલ. યજમાન હાલ મંદિરના પુજારી પ.ભ.જાદવજીભાઈ કેરાઈ ગામ ગોડપરના જન્મદિવસ નિમિત્તે યજમાન રહ્યા હતા.

તા.૮/૩/૨૦૨૬નો રવિવાર પ.ભ.દેવજીભાઈ નાથા ખેતાણી ૭૦ માં જન્મદિવસ નિમિત્તે ધ.પ.શાંતાબેન દેવજી ખેતાણી પરિવાર દ્વારા બપોરના મહાપ્રસાદ તથા સાંજે ઠાકરથાળીના યજમાનપદે રહીને સર્વને રાજી કરેલ.

અ.વા.નોંધ :- અ.વા.દુર્લભભાઈ હરિભાઈ સાવલિયા ઉં-૮૨ ભારતમાં ધામમાં ગયા.

તા.૮/૨/૨૦૨૬ના રોજ અ.વા.વાલજી કરસન ભુડિયા ઉં-૭૦ ગામ માનકુવે ધામમાં ગયા. અ.વા.નિલેશભાઈ નારાણ હરજી વેકરીયા ઉં-૩૫ નાની વયે નાઈરોબીમાં ધામમાં ગયા, અ.વા.કાન્તીભાઈ રામજી પિંડોરીયા ઉં-૬૭ લંડન-દહીંસરા ધામમાં ગયા.

તા.૧૪/૨/૨૦૨૬ અ.વા.મનજીભાઈ લાલજી ડુંગર વેકરીયા ઉં-૬૬ લંડન ધામમાં ગયા. અ.વા.રામજી લાલજી ડુંગર વેકરીયા ઉં-૭૦ બોલ્ટન ધામમાં ગયા.

તા.૨૦/૨/૨૦૨૬ કરસનભાઈ માવજી વરસાણી ગામ બળદિયા તથા અ.વા. પ્રેમજી રામજી જેશાણી ગામ બળદિયે ધામમાં ગયા.

તા.૧૫/૩/૨૦૨૬ અ.વા.માનબાઈ મનજી વેકરીયા નાઈરોબી ધામમાં ગયા.

સર્વ જીવાત્માઓને શ્રીજીમહારાજ ચરણકમળનું સુખ આપે અને કુંટુંબ ઉપર આવે દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એજ પ્રાર્થના.

અ - મંત્રી અરવિંદભાઈ વેકરીયા તથા
પુલકિતભાઈ કોરાટ


**શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ**

**રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૬૫**

**“શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ” માસિક અંગેની માહિતી**

**ફોર્મ નં.-૪ (જુઓ રૂલ નં.-૮)**

| | |
|---|---|
| પ્રકાશનનું સ્થળ | |
| શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય, ભુજ | |
| પ્રકાશનની સામયિકતા | માસિક |
| મુદ્રકનું નામ | મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી |
| રાષ્ટ્રિયતા | ભારતીય |
| સરનામું | શ્રીસ્વામિનારાયણ મંદિર, સ્વામિનારાયણ રોડ, ભુજ પીન-૩૭૦૦૦૧ |
| તંત્રીનું નામ | શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી |
| જે વ્યક્તિઓ અખબારના માલિક હોય | શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજની માલિકી. |

જાતે કુલ્લ થાપણના એક ટકાથી વધારે રોકનાર ભાગીદારો અથવા શેર હોલ્ડર્સ હોય તેમના નામ-સરનામા. આથી અમો જાહેર કરીએ છીએ કે, ઉપર જણાવેલ વિગતો અમારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુબજ સાચી છે.

તા.૧-૪-૨૦૨૬ — શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી (તંત્રી)

પધારો ભુજધામ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ
## આયોજક અધિક માસ



# શ્રીસહજાનંદ જપાત્મક યાગ એવમ મંત્રાનુષ્ઠાન



**:: પ્રારંભ ::**
અધિક જેઠ સુદ-૧
તા.૧૭-૫-૨૦૨૬
રવિવાર

**:: સમાપ્ત ::**
અધિક જેઠ વદ-૩૦
તા.૧૫-૬-૨૦૨૬
સોમવાર

જાણે અજાણે જપશે જેહ રે, પરમ ધામને પામશે તેહ રે,
એવું આજ ઉઘાડ્યું છે બાર રે, કરવા બહુ જીવને ભવપાર રે.

**સમય : સવારે ૭.૩૦ થી ૧૧.૩૦ અને બપોર પછી ૩.૩૦ થી ૬.૩૦**

જગદગુરુ રામાનંદ સ્વામીએ શ્રી નીલકંઠવર્ણીને વિ.સં. ૧૮૫૭, કારતક સુદ પ્રબોધિની એકાદશીના દિવસે મહાદીક્ષા આપી ''શ્રી સહજાનંદ સ્વામી'' નામ ધારણ કરાવ્યું તેને ૨૨૫ વર્ષ પૂર્ણ થાય છે. એના અનુસંધાને જેઠ અધિક માસમાં ''શ્રી સહજાનંદ જપાત્મક યાગ એવમ્'' ''ૐ શ્રી સહજાનંદાય નમઃ'' મંત્રાનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું છે. આપણો સંકલ્પ છે કે આ અધિક માસમાં આપણે ભગવાનને સવા કરોડ આહુતિઓ અર્પણ કરવી છે.

**: સેવા પ્રકલ્પો (યજમાન પદ) :**

આ અધિકમાસમાં કુલ્લ ૧૫ મંત્રાનુષ્ઠાન થશે. હરિભક્તો પોતાની અનુકૂળતા મુજબ નીચે દર્શાવેલ સેવા પ્રકલ્પોમાં જોડાઈને આ ભગીરથ કાર્યમાં યજમાન બની શકશે. આ અનુષ્ઠાનમાં સ્વયં બેસી શકશે અથવા ભૂદેવ દ્વારા કરાવવામાં આવશે.

૧. એક વ્યક્તિ (૧ દિવસ) રૂા. ૧૧૦૦/-
૨. જોડલા સાથે (૧ દિવસ) રૂા. ૨૧૦૦/-
૩. (એક મંત્રાનુષ્ઠાન) રૂા. ૫૧૦૦/-
૪. જોડલા સાથે (એક અઠવાડિયાનું મંત્રાનુષ્ઠાન) રૂા. ૧૫,૦૦૦/-
૫. જોડલા સાથે (પંદર દિવસનું મંત્રાનુષ્ઠાન) રૂા. ૩૦,૦૦૦/-
૬. જોડલા સાથે (સંપૂર્ણ અધિકમાસનું મંત્રાનુષ્ઠાન) રૂા. ૫૧,૦૦૦/-

**:: અનુષ્ઠાનમાં બેસનારને નીચે પ્રમાણે ભલામણ ::**

૧. અનુષ્ઠાનમાં બેસનારને તા. ૧૦-૫-૨૦૨૬ સુધીમાં રજીસ્ટર કરાવી લેવાનું રહેશે.
૨. રજીસ્ટર કરાવેલ ભક્તને જ અનુષ્ઠાનમાં બેસવા આપવામાં આવશે.
૩. અનુષ્ઠાનમાં બેસનારે ધોયેલા કપડાં જેમકે પુરુષે ધોતી અને શાલ તથા બહેનોએ સાડી અને ચુની પહેરીને બેસી શકાશે.
૪. અનુષ્ઠાન ચાલે ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળવાનું રહેશે. પોતાના ધર્મમાં રહેલા બહેનો પણ બેસી શકશે, મનને શાંત રાખવું અર્થાત ગુસ્સો ન કરવો.
૫. સવારે નાસ્તામાં ફલાહાર કરીને બેસવાનું રહેશે અને સાંજે અનુષ્ઠાન પુરુ થાય પછી અનાજ લઈ શકાશે.
૬. અનુષ્ઠાન દરમ્યાન મોબાઈલ વાપરી શકાશે નહીં.
૭. અનુષ્ઠાનમાં બેસનારને જ દૂરથી આવનાર તેમજ લાંબા દિવસો સુધી બેસનારને રહેવાની વ્યવસ્થા આપવામાં આવશે.
૮. અનુષ્ઠાનમાં બેસનારે વ્યવસ્થાપકના માર્ગદર્શન પ્રમાણે રહેવું પડશે.

સંપર્ક : M. 7567608000/8238823874 સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઈ ઝીણાભાઈ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજીભાઈ ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૫૦૧- પ્રકાશભાઈ રામજી ગોર દીકરી ભારવીની સગાઈ (વેવિશાળ) પ્રસંગે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - ગામ-મસ્કા હાલે ભુજ

૨૫૧- સોની ઝવેરબેન ધારશીભાઈ પ્રથમ તિથી નિમિત્તે, હસ્તે તેજેન્દ્ર ધારશીભાઈ - રસલીયા-નખત્રાણા

૫૦૦- નિતીક્ષા પ્રવિણ પિંડોરીયાના જન્મ દિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - માધાપર

૨૦૦૦- ઈશા રસીક વાગજીઆણી, વિશ્રામ હરજી ગામી, હરીશ ગોપાલ ભુડિયા, નૂતન હરીશ ભુડિયા, ધ્યાન હરીશ ભુડિયા, નારાણ હરજી ગામી સર્વેના જન્મદિવસ નિમિત્તે ગામ - લંડન

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2026/UPTO 31-12-2026







શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક/યુવતી મંડળ દારેસલામ આયોજીત બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા શિબિર ૨૦૨૬ સંપન્ન.







શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય - ભુજમાં ધોરણ ૧૦ અને ૧૨ માંના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ સમૂહ તસ્વીર